ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ** **તા. ૨૬.૦૫.૨૦૧૭**

## સમગ્ર વિશ્વમાં ભારત દેશને માન, સન્માન અને ગૌરવ અપાવનાર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના ૩ વર્ષના સ્વર્ણીમ, વિકાસલક્ષી અને ગરીબલક્ષી કાર્યકાળ માટે કેન્દ્ર સરકારને લાખ-લાખ અભિનંદન પાઠવતાં પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી

----------------------

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ સમગ્ર વિશ્વમાં ભારત દેશને માન, સન્માન અને ગૌરવ અપાવનાર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના ૩ વર્ષના સ્વર્ણીમ, વિકાસલક્ષી અને ગરીબલક્ષી કાર્યકાળ માટે કેન્દ્ર સરકારને લાખ-લાખ અભિનંદન પાઠવ્યાં હતા.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, "એક ભારત-શ્રેષ્ઠ ભારત"ના સુકાની અને "સૌના સાથ-સૌના વિકાસ"ના દ્રષ્ટા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ ૩ વર્ષના કાર્યકાળ દરમ્યાન ઘણા બધા મોટા નિર્ણયો-કડક નિર્ણયો લેવાયા હતા. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તાના સુકાન સંભાળતાની સાથે જ જન-ધન યોજનાથી લઈને ઉડાન યોજના સુધી ઘણી બધી યોજનાઓ અમલમાં મૂકી છે.

શ્રી વાઘાણીએ વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, કાળા ધન અને ભ્રષ્ટાચારને ખત્મ કરવા નોટબંધીનો ઐતિહાસિક નિર્ણય, બેનામી મિલકતો પર કડક કાયદો, સર્જીકલ સ્ટ્રાઈકથી આતંકવાદને જડબાતોડ જવાબ, દાયકાથી વિલંબીત ઓ.આર.ઓ.પી.ની માંગ પૂર્ણ કરવાની પહેલ, એક સમાન ટેક્સ વ્યવસ્થા માટે જી.એસ.ટી. પર સર્વસંમતિ, જન-ધન ખાતાં થકી ૨૮ કરોડ ગરીબોનો બેંક સાથેનું જોડાણ, ૭.૫ કરોડ ગરીબોને મુદ્રા લોનની સહાય, ૨ કરોડ કરતાં વધારે ગરીબ મહિલાઓને ઉજ્જવલા યોજના થકી ગૅસ કનેક્શન, સસ્તી દવાઓ માટે જન-ઔષધી કેન્દ્રો, કોલસા-સ્પેક્ટ્રમ-એફ.એમ. અને પર્યાવરણના વિષયોમાં પૂર્ણ પારદર્શકતા, ગ્રેડ-૩ અને ગ્રેડ-૪ની નોકરીઓમાં ઈન્ટરવ્યુ પ્રથાનો અંત, વંચિત અને શોષિત સમાજને પોતાની જમીનનો હક્ક મળી રહે તે માટેનું કાર્ય, દિવ્યાંગોને નવીન અવસરોના માધ્યમ વડે નવી તકો, જન ભાગીદારી થકી સ્વચ્છ ભારત અભિયાન, વી.આઈ.પી. કલ્ચરનું સમાપન, કેશ-લેસ ટ્રાન્ઝેકશનને અણધાર્યો પ્રતિસાદ, મેક ઈન ઈન્ડીયા કાર્યક્રમને વિશ્વભરમાં મળી રહેલી ઓળખ, વિશ્વભરમાં ઉત્સાહથી ઉજવાતો યોગ દિવસ, અંતરીક્ષ ક્ષેત્રે ભારતને મળી રહેલી અભૂતપુર્વ સફળતા જેવી બાબતોથી દેશના તમામ ક્ષેત્રો અને દેશના તમામ નાગરીકોને વિકાસની પ્રક્રિયામાં જોડ્યા છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, નારી શક્તિ માટેની અનેકવિધ યોજનાઓ, યુવા શક્તિની શક્તિ થકી નવા ભારતની પરિકલ્પના, વિવિધ ખેડૂતલક્ષી યોજનાઓ થકી કિસાનોના વિકાસ માટેની યોજનાઓ થકી "સૌના સાથ-સૌના વિકાસ"ના મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરવા ભાજપા સરકાર સમગ્ર દેશમાં આગળ વધી રહી છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસ આધારીત ગરીબ કલ્યાણની નીતિઓ અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહની સંગઠનાત્મક કુનેહના કારણે આજે સમગ્ર ભારતમાં ૭૦ ટકા જેટલા ભૂ-ભાગ પર અને ૫૯ ટકા જેટલી જનસંખ્યા પર ભાજપાને જનસેવા કરવાનો મોકો મળ્યો છે.

**(ડૉ. હર્ષદ પટેલ)**
**કન્વીનર-મીડીયા સેલ**